RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 231 Date: 11.06.2024,Tuesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# ગુજરાતમાં છ દિવસ ફરી વળશે મેઘરાજા



ગુજરાતમાં વરસાદનું આગમન થયું છે. ત્યારે રવિવારે (નવમી જૂન) રાજ્યનો વિવિધ ભાગોમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. ત્યારે હવામાન વિભાગે છ દિવસ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર, આજે (૧૦મી જૂન) વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, વલસાડ સહિતના જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં હળવો વરસાદ વરસી શકે છે.હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે (૧૦મી જૂન) ગીર સોમનાથ, ભાવનગર, અમરેલી, પંચમહાલ અને દાહોદમાં હળવો વરસાદ થઈ શકે છે. જ્યારે વડોદરા, સુરત, વલસાડ, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ, ભરૂચ, નવસારી અને તાપીમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. ૧૧મી જૂને ગીર સોમનાથ, ભાવનગર, પંચમહાલ, વલસાડ, દાહોદ, અમરેલી, છોટા ઉદેપુર, નવસારી, નર્મદા, સુરત, તાપી અને ડાંગ જિલ્લામાં હળવો વરસાદ થઈ શકે છે.૧૨મી અને ૧૩ જૂન સુરત, ભાવનગર, તાપી, અમરેલી, ડાંગ, ગીર સોમનાથ, નવસારી અને વલસાડમાં વરસાદ થઈ શકે છે. આ ઉપરાંત ૧૪મી,૧૫મી અને ૧૬મી જૂનના રોજ નવસારી, અમરેલી, વલસાડ, ગીર સોમનાથ, ડાંગ જૂનાગઢ અને તાપીમાં વરસાદ થઈ શકે છે.ઉલ્લેખનીય છે કે, રવિવારે રાજ્યનો વિવિધ ભાગોમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ, ભરૂચ, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના વરસાદી માહોલ જોવા મળી રહ્યો હતો. ભરૂચ જિલ્લામાં વાતાવરણમાં અચાનક પલટો આવતા અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. આ દરમિયાન તવરા નજીક ભારે પવન કારણે રોડ પર વૃક્ષ ધરાશાયી થતાં એક કાર અને રીક્ષા દબાઈ ગઈ હતી.

## કાશ્મીરમાં વૈષ્ણોદેવી જતી બસ પર આતંકી હુમલોઃ ૨ આતંકીઓ આર્મીની વર્દીમાં હતા, ૨૫-૩૦ ગોળીઓ વરસાવી

મોદીના શપથ ગ્રહણના એક કલાક પહેલા રવિવારે સાંજે ૬.૧૫ કલાકે જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં ભક્તોને લઈ જતી બસ પર આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. જેમાં ૧૦ લોકોના મોત થયા હતા, જ્યારે ૩૩ લોકો ઘાયલ થયા હતા.રિયાસીના એસએસપી મોહિતા શર્માના જણાવ્યા અનુસાર, કાંડા વિસ્તારમાં શિવ ઘોડીથી કટરા જઈ રહેલી બસ પર આતંકવાદીઓએ હુમલો કર્યો હતો, જેમાં ડ્રાઈવર ઘાયલ થયો હતો અને તેણે બસ પરનો કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે બસ ખીણમાં ખાબકી હતી. નજરે જોનારના જણાવ્યા અનુસાર ૨ આતંકવાદીઓ ઘટનાસ્થળે હતા.

મોહિતા શર્માએ કહ્યું કે આતંકવાદીઓ હાઈવે પર બસની રાહ જોઈ રહ્યા હતા. એવું લાગે છે કે તેઓએ આ બસને નિશાન બનાવી છે કારણ કે તેમાં સવાર મુસાફરો જમ્મુ-કાશ્મીરની બહારના હતા. એવું માનવામાં આવે છે કે પાકિસ્તાની આતંકવાદી જૂથો જમ્મુ-કાશ્મીરમાં ફરીથી આતંક ફેલાવવા માંગે છે.ઘાયલ સંતોષ કુમારે જણાવ્યું કે આતંકીઓએ સેનાનો યુનિફોર્મ પહેર્યો હતો. તેનું મોં ઢાંકેલું હતું. બસ વળાંકની આસપાસ આવી કે તરત જ અચાનક ગોળીઓ વરસવા લાગી. બસ ખીણમાં પડી તે પહેલા આતંકીઓએ ૨૫ થી ૩૦ ગોળીઓ વરસાવી હતી.બસમાં મુસાફરી કરી રહેલા યુપીના અન્ય એક ઘાયલ શ્રદ્ધાળુએ જણાવ્યું કે બસ પડી ગયા પછી પણ આતંકવાદીઓ ગોળીબાર કરતા રહ્યા. બસ સાંજે ૪ વાગ્યે ઉપડવાની હતી, પરંતુ તે ૫:૩૦ વાગ્યે નીકળી હતી. બસ મોડી પડી તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.



## ચોમાસું ૨ દિવસ વહેલા મુંબઈ પહોંચ્યુંઃ અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ

ઉત્તર ભારતમાં મધ્યપ્રદેશ-ઉત્તર પ્રદેશ, દિલ્હી, હરિયાણા, ગુજરાત, બિહાર હીટવેવનો સામનો કરી રહ્યા છે. પ્રયાગરાજ ૯ જૂને ૪૫.૯ સાથે સૌથી ગરમ હતું. તેમજ, ટીકમગઢ, ગયા અને રોહતકમાં પારો ૪૪ ડિગ્રી નોંધાયો હતો. ૧૩ જૂન સુધી જમ્મુ ડિવિઝન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, પશ્ચિમ રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં પણ હીટવેવ રહી શકે છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પંજાબ, હરિયાણા, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧૩ જૂન સુધી હીટવેવની શક્યતા છે. ઉપરાંત, ૧૧ અને ૧૨ જૂને ઓડિશાને હીટવેવ અસર કરશે.ચોમાસું નિર્ધારિત સમય કરતાં ૨ દિવસ વહેલું મુંબઈ પહોંચ્યું હતું. જેના કારણે મુંબઈમાં ભારે વરસાદ પડ્યો હતો. ૈસ્ઙએ મહારાષ્ટ્રના સિંધુદુર્ગમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ, રત્નાગીરી માટે ઓરેન્જ એલર્ટ અને પાલઘર, થાણે, મુંબઈ અને રાયગઢ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે.ચોમાસું ૮ જૂનને શનિવારે છત્તીસગઢ અને ઓડિશામાં પ્રવેશ્યું છે. હવે ૮ દિવસ બાદ ચોમાસું જબલપુર, બાલાઘાટ થઈને મધ્યપ્રદેશમાં પ્રવેશ કરી શકે છે. સામાન્ય રીતે ચોમાસું મુંબઈ પહોંચ્યા પછી ૫ દિવસમાં એમપી પહોંચે છે.૧૧ અને ૧૨ જૂને ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદની સંભાવના છે. ગુજરાતમાં ચોમાસાના આગમનની નિશ્ચિત તારીખ ૧૫ જૂન છે. તે સમય પહેલા પહોંચે તેવી શક્યતાઓ છે.બંગાળની ખાડીના ચોમાસાની શાખા ૧૩-૧૪ જૂન સુધી વેગ પકડશે અને પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને બિહાર સુધી પહોંચશે.૧૭ થી ૧૮ જૂન દરમિયાન મધ્યપ્રદેશમાં ચોમાસું પ્રવેશ કરશે. આ પહેલા રાજ્યમાં પ્રિ-મોન્સુન એક્ટિવિટી થશે. સોમવારે સવારથી જ ધીમીધારે વરસાદ પડી રહ્યો છે. રવિવારે ધાર, રતલામ, છિંદવાડા સહિત ઘણા શહેરોમાં વરસાદ પડ્યો હતો, જ્યારે નિવારી, દમોહ અને છતરપુર ગરમ રહ્યું હતું. આગામી એક સપ્તાહ સુધી આવું જ હવામાન ચાલુ રહેશે.



## ગાંધીનગર મેયરની નિમણૂકનો મામલો ડખે ચડ્યો, હવે ૧૮ જૂને ચૂંટણી યોજાશે

ગાંધીનગર,તા.૧૦

મેયરની નિમણૂકનો મામલો પાછો ડખે ચડ્યો છે. મહાનગરપાલિકામાં મેયર ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની નિમણૂકનો મામલો ડખે ચડતા મેયર સહિતના પદાધિકારીઓની નિમણૂક માટે યોજાનારી આજની સામાન્ય સભા મુલતવી રાખવાની ફરજ પડી છે. હવે આગામી ૧૮ જૂને મેયર સહિતના હોદ્દેદારોની ચૂંટણી યોજવામાં આવશે. ગાંધીનગરના સ્થાનિક નેતાઓએ મહાનગરપાલિકામાં મેયર અને ડેપ્યુટી મેયરની વરણીને લઈને ઉતાવળ કરી દીધી હોવાનું બહાર આવ્યું છે.

ભાજપનું મોવડી મંડળ કેન્દ્રીય મંત્રીમંડળની રચનામાં વ્યસ્ત હોવાથી ગાંધીનગરના મેયર સહિતના પદાધિકારીઓની નિમણૂકમાં સમય લાગશે. જેના કારણે એક સપ્તાહ આ નિમણૂક પાછળ ઠેલાઈ છે.

મતદાનથી મતગણતરી સુધીના ૨૭ દિવસમાં ગમે ત્યારે સામાન્ય સભા બોલાવી શકાય. જે તે સમયે ચૂંટણી પંચની મંજૂરી લેવાની પ્રક્રિયા પણ પૂરી કરી દેવામાં આવી હતી, પરંતુ સ્થાનિક નેતાઓને અંગત દાવ પેચ અને આંતરિક પોલિટીકસના કારણે ૧૦મી જૂનનો સમય નક્કી કરવામાં આવ્યો હતો. ઉતાવળે બોલાવાયેલી સંકલન સમિતિના કારણે કંઈક કાચું કપાઈ ગયું હોવાનું લાગતા આખરે પ્રદેશ નિરીક્ષકોની સેન્સ લેવા માટે સમય નક્કી કરાયો છે.

જણાવી દઈએ કે, પદાધિકારીઓની નિમણૂકનો મુદ્દો દિલ્હીમાં અમિત શાહના માર્ગદર્શનમાં ચર્ચા કરવાનો હોવાથી ગત શનિવારની રાત્રે આ બેઠક કેન્દ્રીય મંત્રીમંડળની રચનાને લઈને પાછી ઠેલવામાં આવી છે. હવે વિસ્તૃત ચર્ચા બાદ પદાધિકારીઓના નામ કરવા નક્કી કરવામાં આવશે.

## ભાજપે જાટ શીખ ચહેરા પર દાવ લગાવીને હારેલા રવનીત બિટ્ટુને મંત્રી પદ આપીને મિશન ૨૦૨૭ની શરૂઆત કરી

ચંડીગઢ,તા.૧૦

પંજાબના રવનીત બિટ્ટુને ટીમ મોદીમાં લઈને ભાજપે પંજાબમાં જાટ શીખ ચહેરાને આગળ કરીને રાજ્યના ભાવિ રાજકારણનું ચિત્ર દોરવાનું શરૂ કર્યું છે.લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન અમિત શાહે લુધિયાણાની રેલીમાં કહ્યું હતું કે તમે લોકો રવનીત સિંહ બિટ્ટુને વોટ આપો અને તેમને જલ્દી મોટો માણસ બનાવો. પંજાબમાં ૨૦૨૭માં વિધાનસભાની ચૂંટણી છે અને ભાજપ હવે પંજાબમાં સત્તા તરફ જોઈ રહ્યો છે. રવનીત બિટ્ટુએ પોતે સ્પષ્ટ કર્યું છે કે તેમનું મિશન ૨૦૨૭માં પંજાબમાં ભાજપની સરકાર લાવવાનું છે.

હકીકતમાં, બિટ્ટુ એકમાત્ર એવો ચહેરો છે જે ભાજપની વિચારધારા અને મુદ્દાઓ સાથે સંપૂર્ણ રીતે બંધ બેસે છે. પંજાબમાં રાષ્ટ્રવાદી વિચારધારા અને કટ્ટરવાદી શક્તિઓ સામે અવાજ ઉઠાવવામાં બિટ્ટુ ટોચ પર છે અને પંજાબમાં ભાજપ બિટ્ટુ દ્વારા તે વિચારધારાને પાયાના સ્તરે બનાવવાની યોજના બનાવી રહી છે. બિટ્ટુએ એમ પણ કહ્યું છે કે દેશનો મુદ્દો ગમે તે હોય, અમૃતપાલનો મુદ્દો હોય, પાકિસ્તાનનો મુદ્દો હોય, કારણ કે આપણી પાસે સરહદી રાજ્યો છે, ખેડૂતોનો મુદ્દો હોય... હું એકમાત્ર વ્યક્તિ હતો જેણે આ મુદ્દા ઉઠાવ્યા. મુદ્દાઓ

પંજાબમાંથી આતંકવાદનો ખાત્મો કરનાર શહીદ બિઅંત સિંહના બલિદાનને પંજાબના મોટી સંખ્યામાં લોકો આજે પણ તેમના હૃદયમાં વહાલ કરે છે. પંજાબમાં આતંકવાદને ખતમ કર્યા પછી જ આતંકવાદીઓએ તેમને સચિવાલયમાં ઉડાવી દીધા હતા. પંજાબના લોકો આજે પણ બિટ્ટુમાં સ્વર્ગસ્થ મુખ્યમંત્રી બિઅંત સિંહની તસવીર જુએ છે.

વાસ્તવમાં, ભાજપે પંજાબમાં અત્યાર સુધી જે જાટ શીખ ચહેરાઓ પર દાવ લગાવ્યો છે તે તમામ ભાજપની કસોટીમાંથી પસાર થયા નથી. પંજાબમાં મજબૂત જાટ શીખ ચહેરો કેપ્ટન અમરિંદર સિંહ સાવ ચૂપ બેઠા છે. તેમની પત્ની પ્રનીત કૌર પોતાની સીટ બચાવી શકી નથી. તેમની પુત્રી બીબી જયેન્દ્ર કૌર ભાજપની મહિલા વડા છે પરંતુ તેઓ સંગઠનમાં સક્રિય થઈ શકતા નથી. આ સિવાય રાણા ગુરમીત સોઢી, કેવલ ધિલ્લોન, ફતેહજંગ બાજવા, પૂર્વ રાજદ્વારી તરનજીત સિંહ સંધુ, ભટિંડાથી હારેલા પૂર્વ ૈછજી અધિકારી પરમપાલ કૌર સિદ્ધુ પંજાબનો ચહેરો બની શક્યા નથી. ભાજપને પંજાબમાં રવનીત બિટ્ટુમાં એક મોટો જાટ શીખ ચહેરો જોવા મળી રહ્યો છે, જે ૨૦૨૭માં પંજાબમાં ભાજપને સત્તામાં લાવી શકે છે.

રવનીત સિંહ બિટ્ટુને માર્ચ ૨૦૨૧ માં અમુક સમયગાળા માટે લોકસભામાં કોંગ્રેસના નેતા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જ્યારે વર્તમાન કોંગ્રેસના લોકસભા નેતા અધીર રંજન ચૌધરી ૨૦૨૧ પશ્ચિમ બંગાળની ચૂંટણી માટે પ્રચારમાં વ્યસ્ત હતા. રવનીત સિંહ બિટ્ટુને ૨૦૨૩માં વોટ્સએપ કોલ દ્વારા બોમ્બની ધમકી મળી હતી. બિટ્ટુને રાજકારણ વારસામાં મળ્યું છે. તેમના પરિવારમાંથી તેજ પ્રકાશ સિંહ પંજાબના મંત્રી રહી ચૂક્યા છે. તેમના ભાઈ કોટલીના ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેની કાકી ગુરકંવલ કૌર પંજાબની કેબિનેટ મંત્રી રહી ચૂકી છે. તેથી પંજાબમાં બીજેપી બિટ્ટુ દ્વારા સટ્ટો રમવાની તૈયારી કરી રહી છે.

૨૦૧૪માં પંજાબમાંથી અરુણ જેટલી કેન્દ્રીય મંત્રી બન્યા પરંતુ પંજાબમાં ભાજપનો માહોલ બનાવી શક્યા નહીં. આ ઉપરાંત વિજય સાંપલા પણ હોશિયારપુરથી જીત્યા અને કેન્દ્રીય રાજ્ય મંત્રી બન્યા પરંતુ ફગવાડામાં વિધાનસભા ચૂંટણીમાં તેમની ડિપોઝીટ જપ્ત થઈ ગઈ. ૨૦૧૯માં હરદીપ પુરી પંજાબમાંથી મંત્રી બન્યા પરંતુ તેમણે પંજાબ આવવું યોગ્ય ન માન્યું.

## ૫ વિધાનસભા પેટા ચૂંટણીના વિજેતા મંગળવારે ધારાસભ્ય પદના શપથ લેશે

ગાંધીનગર,તા.૧૦

લોકસભાની ચૂંટણી સાથે ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણી પણ યોજાઈ હતી. માણાવદર, પોરબંદર, વિજાપુર, વાઘોડિયા અને ખંભાત બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. આ પાંચેય બેઠકો પર ભાજપે જીત મેળવી છે. ત્યારે આ પાંચેય ચુટાયેલા સભ્યો આવતીકાલે ધારાસભ્ય પદના શપથ ગ્રહણ કરશે.જણાવી દઈએ કે, આ પાંચ ચુટાયેલા સભ્યો માથી ચાર કોંગ્રેસ માથી રાજીનામુ આપીને આવ્યા છે.

પોરબંદર વિધાનસભા પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર અર્જુન મોઢવાડિયાએ ૧,૧૬,૮૦૮ મતોથી જીત મેળવી છે. અર્જુન મોઢવાડિયાને ૧,૩૩,૧૬૩ મતો મળ્યા છે. જ્યારે કોંગ્રેસ ઉમેદવાર રાજુ ઓડેદરાને ફક્ત ૧૬,૩૫૫ મત મળ્યાં હતા.

વિજાપુર વિધાનસભા બેઠક પર ભાજપ ઉમેદવાદર સી. જે. ચાવડાનો ૫૬,૨૨૮ મતોથી વિજય થયો છે. સીજે ચાવડાને ૧,૦૦,૬૪૧ મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર દિનેશ પટેલને ૪૪,૪૧૩ મત મળ્યા છે.

વાઘોડિયા વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાનો ૮૨,૧૦૮ મતોથી વિજય થયો છે. ધર્મેન્દ્રસિંહ વાઘેલાને ૧,૨૭,૪૪૬ મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસ ઉમેદવાર કનુભાઈ ગોહિલને ૪૫.૩૩૮ મત મળ્યાં છે.

માણાવદર વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર અરવિંદ લાડાણીનો ૩૧,૦૧૬ મતોથી વિજય થયો છે. અરવિંદ લાડાણીને ૮૨,૦૧૭ મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર હરિભાઈ કણસાગરાને ૫૧,૦૦૧ મત મળ્યા છે.ખંભાત વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ચિરાગ પટેલનો ૩૮,૩૨૮ મતોથી વિજય થયો છે.

તંત્રી લેખ......

# ઉત્તર કોરિયામાં જીન્સ પહેરવા પર પ્રતિબંધ

વિશ્વના વિવિધ દેશોનો પોશાક સંપૂર્ણપણે અલગ છે. ભારતનો પરંપરાગત પોશાક અલગ છે તેવી વિવિધ દેશોના અલગ પોશાક હોય છે. પરંતુ આજે જીન્સ મુખ્યત્વે મોટાભાગના દેશોમાં પહેરવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે એક એવો દેશ છે જ્યાં જીન્સ પહેરવા પર પ્રતિબંધ છે. જીહા, આ દેશના લોકો જીન્સ પહેરવું તો દૂર નામ પણ લઈ શકતા નથી, જો કોઈ વ્યક્તિ જીન્સ પહેરે તો પણ તેની સામે કાયદાકીય કાર્યવાહી થાય છે. ત્યારે આ કયો દેશ છે અને કેમ ત્યાં જીન્સ પર પ્રતિબંધ છે ચાલો જાણીએ

આજે, જીન્સ પહેરવા એ આખી દુનિયામાં સામાન્ય કપડાં તરીકે જોવામાં આવે છે. વિશ્વના ઘણા દેશોમાં, સ્ત્રી અને પુરૂષ બંને જીન્સ પહેરવાનું પસંદ કરે છે. જીન્સની ખાસિયત એ છે કે તે ગરીબથી લઈને અમીર સુધી તમામ ઉંમરના લોકોમાં લોકપ્રિય છે. હવે સવાલ એ છે કે જીન્સ કયા દેશમાં પ્રતિબંધિત છે.

તમને જણાવી દઈએ કે ઉત્તર કોરિયામાં જીન્સ પહેરવા પર પ્રતિબંધ છે. રિપોર્ટ અનુસાર ઉત્તર કોરિયામાં બ્લુ જીન્સ પર પ્રતિબંધ હતો પણ તપાસ કરતા જણાયું કે ત્યાં બ્લ્યૂ જ નહી તમામ પ્રકારના જીન્સ પર પ્રતિબંધ છે. આટલું જ નહીં ઉત્તર કોરિયામાં લોકો જીન્સ પહેરી શકતા નથી, પરંતુ ત્યાં જીન્સ પહેરવા પર સજા પણ છે.

તમને જણાવી દઈએ કે ઉત્તર કોરિયામાં બ્લુ જીન્સને અમેરિકન સામ્રાજ્યવાદનું પ્રતીક માનવામાં આવે છે. જ્યારે અમેરિકાને આ દેશનો કટ્ટર દુશ્મન માનવામાં આવે છે. આ જ કારણ છે કે ઉત્તર કોરિયામાં પર બ્લુ સહિત તમામ કલરના જીન્સ પર પ્રતિબંધ છે.

# ગુજરાતમાં મેયર પદેથી હવે મોદી ૩.૦ કેબિનેટમાં પહોંચ્યા, જાણો જંગ લીડથી જીતનારા નિમુબેન બાંભણિયા વિશે

ભાવનગર લોકસભા બેઠક પર જંગી લીડથી વિજયી બનેલાં ભાજપના સાંસદ નિમુબેન બાંભણિયાને મોદી ૩.૦ના મંત્રીમંડળમાં રાજયમંત્રી પદે સ્થાન મળતાં કેન્દ્રીય કક્ષાએ ભાવનગરનું રાજકીય કદ બેવડાયું છે.પોરબંદરના સાંસદ અને મુળ ભાવનગર જિલ્લાના વતની ડો. માંડવિયા બાદ ભાવનગરને કેન્દ્ર સરકારનાં મંત્રીમંડળમાં મંત્રીપદ મળ્યું હોય તેવો આ બીજો કિસ્સો નોંધાયો છે. આ સાથે જ કેન્દ્રીય મંત્રીમંડળમાં ભાવનગરના બેવડા પ્રતિનિધિત્વના પગલે સ્થાનિક ભાજપમાં દિવાળી જેવો માહોલ જોવા મળ્યો છે.

ભાવનગર લોકસભા બેઠક પર સતત બે ટર્મથી સાંસદ ડૉ. ભારતીબેન શિયાળની આ વખતે ટિકિટ કાપીને ભાજપે તળપદા કોળી જ્ઞાતિના મહિલા ચહેરા અને વ્યવસાયે શિક્ષક એવા ૫૭ વર્ષીય નિમુબેન જયંતીભાઈ બાંભણિયાને ટિકિટ આપી હતી. જેમાં તેમનો ૪.૫૫ લાખની જંગી બહુમતીથી પ્રતિસ્પર્ધી ઉમેદવાર સામે વિજય થયો હતો. સૌરાષ્ટ્રમાં રાજકોટ બાદ બીજા ક્રમે અને રાજયની ૨૬ લોકસભા બેઠક પર ભાજપના મહિલા ઉમેદવાર તરીકે સૌથી વધુ મતોની લીડ નિમુબેન બાંભણિયાને મળી હતી. સાથે જ આજે રચાયેલાં મોદી ૩.૦ના મંત્રીમંડળમાં તેમને રાજયકક્ષાના મંત્રી બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, નિમુબેન એક માત્ર મહિલા સાંસદ છે જેઓ મોદી ૩.૦ મંત્રી મંડળમોં ગુજરાતમાંથી કેન્દ્રીય રાજય મહિલા મંત્રી તરીકે પસંદગી પામ્યા છે. આ ઉપરાંત આ વખતે તેમને પ્રથમ વખત ટિકિટ મળવાની સાથે જંગી બહુમતીથી તેમનો વિજય થયો હતો. અને તેમને રાજયકક્ષાના મંત્રી તરીકેની વિશેષ જવાબદારી મળી છે. જો કે, તેમને આ જવાબદારી મળવા પાછળ સ્થાનિકથી લઈ પ્રાદેશિક જ્ઞાતિ સમિકરણ, શિક્ષિત ઓબીસી મહિલા તથા સૌરાષ્ટ્રની પ્રવર્તમાન રાજકીય પરિસ્થિતિને કેન્દ્રના મોવડી મંડળે ધ્યાને લીધી હોવાની ચર્ચા છે.બી.એસસી., બીએડ્. જેવો ઉચ્ચ અભ્યાસ ઘરાવતાં નિમુબેન વર્ષ-૨૦૦૫થી વર્ષ-૨૦૨૦ એમ સતત ત્રણ ટર્મ સુધી ભાવનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૩ ઘોઘા સર્કલમાં નગરસેવક રહી ચૂક્યા છે. તેમણે સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણીઓમાં પ્રતિસ્પર્ધી સામે સૌથી વધુ મતોની લીડ મેળવી હોવાનો ઈતિહાસ છે. તો, વર્ષ-૨૦૦૯થી ૨૦૧૦ તથા ડિસેમ્બર-૨૦૧૫થી જુન ૨૦૧૮ એમ બે ટર્મ સુધી તેઓ ભાવનગર મહાનગરપાલિકાના મેયર પદે પણ રહી ચૂક્યા છે.



નવનિયુક્ત કેન્દ્રીય રાજયમંત્રી બાંભણિયા સત્તાની સાથે સંગઠનમાં સતત જવાબદારી નિભાવતા આવ્યા છે. જેમાં શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખથી પ્રદેશ ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ તથા શહેર ભાજપ ઉપપ્રમુખથી લઈ પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ સુધીની જવાબદારીનો સમાવેશ થાય છે.ઉપરાંત તેઓએ જિલ્લા પ્રભારીથી લઈ ચૂંટણી નિરીક્ષકની જવાબદારી પણ નિભાવી છે.સામાજિક કક્ષાએ કોળી સમાજના વિવિધ સંગઠનો અને એસોસિએશન તથા રેડક્રોસ, ભાવનગરમાં પણ તેઓ સભ્ય છે. તેમની કેન્દ્ર સરકારમાં રાજય મંત્રી તરીકે પસંદગી થતાં સવારથી જ ભાવનગર શહેર અને જિલ્લા કક્ષાએ ભાજપ સંગઠન તથા તેમના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જયારે, મેયરથી રાજકીય સફર શરૂ કરનાર નિમુબેન આજે કેન્દ્ર સરકારમાં રાજય મંત્રી સુધીના પદ પર પહોંચ્યા છે.

# વાડી સ્વામિનારાયણ મંદિરમાં જ ૧૪ વર્ષની તરૂણી પર દુષ્કર્મ આચરનાર કોઠારી સ્વામી અંડર ગ્રાઉન્ડ



સ્વામિ નારાયણ મંદિરના તત્કાલીન કોઠારી સામે દુષ્કર્મના ગંભીર આરોપ કરી યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવતા ખળભળાટ મચી ગયો છે. ગુનો દાખલ થતા અંડર ગ્રાઉન્ડ થઇ ગયેલા જે.પી.સ્વામીને પકડવા માટે પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદ લીધી છે. તેમજ સ્વામી વિદેશ ભાગી ના જાય તે માટે લૂક આઉટ નોટિસની કાર્યવાહી હાથ ધરી છે.૨૩ વર્ષની યુવતી જ્યારે ૧૪ વર્ષની હતી. તે સમયે દુષ્કર્મનો ભોગ બની હતી. તેણે પોલીસને જણાવ્યું હતું કે, વાડી સ્વામિ નારાયણ મંદિરના તત્કાલીન કોઠારી સ્વામી જગત પાવનદાસ સ્વામી ( જે.પી.સ્વામી) એ વિદેશથી લાવેલી ગિફ્ટ આપવાના બહાને મને વાડી સ્વામિ નારાયણ મંદિરે બોલાવી હતી. ત્યારબાદ મંદિરની નીચે એક રૂમમાં મને લઇ જઇ દુષ્કર્મ આચર્યુ હતું. સ્વામી તેઓના ગૃપમાં મને વીડિયો કોલ કરવા દબાણ કરતા હતા. હું વીડિયો કોલ કરતી ત્યારે મારા ફોટા અને વીડિયો ઉતારી લીધા હતા. ત્યારબાદ ઈમોશલનલી બ્લેકમેલ કરી તેમજ ધમકી આપતા હતા. બનાવના આઠ વર્ષ પછી ફરિયાદ નોંધાતા પોલીસ એક્શનમાં આવી ગઇ હતી. ડીસીપી પન્ના મોમાયાના સૂચના મુજબ, પોલીસે તપાસ શરૂ કરી હતી. હાલમાં વડતાલ રહેતા સ્વામી ગુનો દાખલ થયા પછી અંડર ગ્રાઉન્ડ થઇ ગયા હતા. સ્વામીને ઝડપી પાડવા માટે પોલીસે તેમના સીડીઆરની વિગતો મંગાવી છે. તેમજ સ્વામી વિદેશ ભાગી ના જાય તે માટે લૂક આઉટ નોટિસની કાર્યવાહી કરવા માટે પાસપોર્ટ ઓફિસ પાસે વિગતો મંગાવી છે. આવતીકાલે સ્વામી વિરૃદ્ધ લૂક આઉટ નોટિસ ઈશ્યૂ થઇ જશે. સ્વામી સાથે યુવતીએ ક્યારે વાત કરી હતી ? તેની વિગતો પણ સીડીઆર આવ્યા પછી બહાર આવશે.વડોદરા,દુષ્કર્મના કેસમાં પોલીસે પીડિતાનું વીડિયોગ્રાફી નિવેદન લીધું છે. બનાવ કઇ રીતે બન્યો ? તે સમયે કોણ કોણ હાજર હતું ? ગૃપ કોલમાં અન્ય કયા સ્વામી હતા ? તે અંગે નિવેદન લેવામાં આવ્યું છે. યુવતીએ અન્ય બે સ્વામી સામે પણ આક્ષેપ કર્યા હોવાથી તે દિશામાં પણ પોલીસે તેની પૂછપરછ હાથ ધરી છે. આવતીકાલે યુવતીને કોર્ટમાં રજૂ કરી સીઆરપીસી ૧૬૪ મુજબનું નિવેદન લેવાની કાર્યવાહી કરવામાં આવશે. જેથી, કેસ વધુ મજબૂત થાય. વડોદરા,મંદિરના જે રૂમમાં તરૃણીને લઇ જઇ જગત પાવનદાસ સ્વામીએ દુષ્કર્મ આચર્યુ હતું. તે રૃમની મુલાકાત પોલીસે આજે પીડિતાને સાથે રાખીને લીધી હતી. પોલીસે એફ.એસ.એલ.ની હાજરીમાં પંચનામુ કર્યુ હતું. જોકે, બનાવ આઠ વર્ષ પહેલાનો હોવાથી પુરાવા મળવાની શક્યતા બહુ નજીવી છે. એફ.એસ.એલ.ની ટીમે લીધેલા નમૂનાના રિપોર્ટ પછી જાણ થશે. પોલીસે આજે પીડિતાનું મેડિકલ ચેક અપ પણ કરાવ્યું હતું.

## પદ્ય રચના .

મળ્યો આ દેહ તને, છું ભાગ્યશાળી, તું મનવા.
ભકિત કરમની, કરી લે થાય એટલી, તું મનવા.

હાથ જોડી, નથી પ્રભુ દર્શનની જરુર, મનવા.
પડેલાને ઉભો કર, ભકિત તારી, એ જ મનવા.

કરે શું રોજ ભીડ, મંદિરમાં આવીને, તું મનવા.
સમય એ ખરચ, કો'કની ભલાઈ માં, તું મનવા.

માંગ ના કશું, યાચક બની, પ્રભુ પાસે, તું મનવા.
છે પાસે, ભોગવ એ, ને બચેલું તું વહેંચ, મનવા.

ખબર ક્યાં છે કાલની, રાહ શું જોવે, તું મનવા.
મળી છે આજ જ તને, સમજી લે ને, તું મનવા.

પળમાં ખરી જઈશ જો, ખબર ક્યાં પડે મનવા.
કંઈક તો સારું કરી લે, જતાં પહેલાં, તું મનવા.

જયેન્દ્ર દેસાઈ (અમદાવાદ)

## ધબકતી હતી

એનો માસુમ ચેહરા ને જયારે પણ જોતો હતો
મારી નજર એના પર જ તકાઇ રેહતી હતી

એ મારી સામે જયારે પણ આવતી હતી
મારા હૈયાની ધડકન જોર જોર થી

ધબકતી હતી

એની યાદ જયારે પણ આવતી હતી
મારી મનોસ્થિતિ એના જ ખ્યાલોમા

ખોવાતી હતી

એ જયારે પણ મંદ મંદ હાસ્ય વેરતી હતી
મારા અંગે અંગ મા ખુશી ફેલાતી હતી

એણે મારા પ્રેમ નો જયારે અસ્વિકાર કર્યાં હતો''આબાદ''
મારી કલ્પના મા સજાવેલી પ્રેમ નગરી ધરાશાયી થઈ હતી

અસ્લમ મેમાન ''આબાદ'' (સુરત)

## ★કરગરવું / ગા-૮★

ઠામ વગરનું હરવું ફરવું,
તાગડધિન્ના કરતાં મરવું.

સુખ ને દુઃખની વાતો સઘળી,
છોડીને ભવ પાર ઉતરવું.

લાવ તરાપો માર હલેસાં,
ખુદના હાથે સાગર તરવું.

શંકા-ઈર્ષ્યા હેઠાં મૂકી,
મનને માંજી ચોખ્ખું કરવું.

પાન ખરે ને કૂંપળ ફૂટે,
ચક્કર છે આ, જીવ્યા કરવું.

— કેશવ સુથાર

## " જિંદગી "

× હવે હોય એટલી તાકાત લગાવ જિંદગી..
જો હોય જોર તો મને બતાવ જિંદગી..

સુખના તો સપના ઈ જોવાના મેં બંધ કર્યા છે..
હોય જેટલા દુખ એ બધા દરશાવ જિંદગી..

મેળવી લઉં છું ખુશી દરેક આંસુમાંથી..
શક્ય હોય તો હવે મને રડાવ જિંદગી..

દૂરથી ન અંદાજ લગાવ મારા જોરનો..
જો હોય જોશ તો લાતમ લાત આવ જિંદગી..

પડીને પણ પાછો ઊભો થાઊ છું કરોળિયાની જેમ.
જો હોય દમ તારા હાથમાં તો હવે મને પછાડ જિંદગી..

થાકી જઈશ તું મારી સાથે ની લડાઈમાં..
ભલી થઈને હવે હાથને મિલાવ જિંદગી..×

કાંતિભાઈ.જાદવ. (ભાવનગર)

## ગઝલ

લાગ્યું કે ભીતર ખળભળ છે,
સઘળાં શબ્દોમાં ચળવળ છે.

રણમાં એની પાછળ દોડ્યા,
ન્હોતી ખબર કે એ મૃગઝળ છે.

કોણ જશે બંનેમાં પહેલાં,
ચાંદા-સૂરજમાં અટકળ છે

જોવામાં જે અઘરો લાગ્યો,
એની આખી વાત સરળ છે.

નાનો પથ્થર નજરો એ ફેંક્યો,
શાંત હૃદયમાં આજે વમળ છે.

સાથ મળ્યો છે દિવસે દિવસે,
આખી સફર મારીય સફળ છે.

અરુણ જાદવ ' અદશ્ય '(ધંધુકા )

## સફર ના નામે

લગાગાગા, ગાગાગાલ, લલગાગા.
સફર ના નામે સામાન થઈ બેઠા,

અસરના નામે આવાઝ થઈ બેઠા.

ગઝલ લખવા કાગળ પેન લઈ બેઠા,
તરસ છિપવા સાગર પાર જઈ બેઠા.

વરસના વરસો આગળ અગર હોતા,
વચન આપીને આભાર કહી બેઠા.

રમત બાળક સાથે થાય બચપણ ને,
યવન એમાં થોડીવાર તજી બેઠા,

ખબર નોતી એવી આજ હઠ રાખી,

ગગનથી ઉંચે વીહંગ ઉડી બેઠા

# જીવનમાં મૂલ્યોનું મહત્વ જાળવવું જોઈએ

અહી મૂલ્યનો મતલબ કિંમત, દામ કે રૂપિયા પૈસા એવો નથી કાઢવાનો, પરંતુ મૂલ્ય એટલે એક એવા પ્રકારના ઉદ્દેશો કે જેના થકી માનવ પોતાની આગવી ઓળખ બનાવી શકે. દરેક વ્યક્તિએ જીવનમાં પોતાના મૂલ્યો નક્કી કરવા જોઈએ અને એને વળગી રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.મૂલ્ય વગરનો માનવી નકામો છે. એક સામાન્ય ઉદાહરણથી સમજીએ કે એક બસ અમદાવાદથી વડોદરા જઈ રહી છે અને તમે અમદાવાદથી બસમાં બેઠા છો, પરંતુ તમારે ખેડા, આણંદ, નડિયાદ કે વડોદરા ક્યાં જવાનું છે, એ નક્કી નથી કર્યુ તો પછી બસમાં બેસવાનો કોઈ અર્થ નથી. આજ રીતે આપણે જીવનમાં કાંઈક બનવાના, કાંઈક પ્રાપ્ત કરવાના, નામ કમાવાના કે કોઈનું ભલું કરવાના એવા એક પણ જીવનમૂલ્ય નક્કી ના કરી શકીએ તો આપણું જીવવું નિરર્થક છે.

આપણે આપણા જીવનમાં ક્યારેક ને ક્યારેક વ્યવહારોમાં સ્વાર્થપૂર્વક કે અજાણતા, આપણાં પોતાના કર્તવ્યો ભુલી જઈએ છીએ. જો આપણે તટસ્થ કે નિષ્પક્ષ રહીશું તો આપણાં કર્તવ્યોનું પ્રામાણિક પણે પાલન કરી શકીશું. આપણે દરેક સમસ્યાઓ કે મુસીબતોને હાથે કરીને જ ઉપસ્થિત કરીએ છીએ અને એના નિરાકરણની અપેક્ષા પ્રભુ પાસેથી રાખીએ છીએ, આ કેટલે અંશે વાજબી ગણાય?. આજે આપણે જે પણ મુસીબતો કે તકલીફોનો સામનો કરીએ, તે આપણે પોતે જ ઉભી કરેલી છે. શું આ મુસીબતો દૂર કરવાની આપણી પોતાની ફરજ નથી?. આ દિશામાં પ્રત્યેક વ્યક્તિ પોતાના પરિવારથી જ શુભારંભ કરે તો સમાજ અને દેશ પ્રત્યેની જવાબદારીમાં ઘટાડો કરી શકશે, કારણકે, પરિવાર જ સમાજની અંને દેશની એકતા અને ધરોહર છે. વર્તમાન સમયમાં અને બદલાતી પરિસ્થિતિમાં મનુષ્ય ફક્ત બીજાની ભલાઈનું વિચારે તો પણ એ પ્રભુનો કૃપાપાત્ર બની શકે છે.સામાજિક સુખ, શાંતિ તથા સમૃદ્ધિ માટેનો, આ મહામૂલો મંત્ર છે, એ વાત નક્કી છે કે જો સમાજ સુખી રહેશે તો આપણે પણ સુખી રહી શકીશું.મૂલ્યો કે આદર્શો વગર માનવ તરીકે જીવવાનો કોઈ અર્થ કે મતલબ નથી.

વ્યક્તિ જ્ઞાની કે વિદ્વાન જરૂર હશે પણ એનું આચરણ સારૂ નહી હોય તો તે માન સન્માનને પાત્ર બનતો નથી. જ્ઞાનની સાથે સાથે આચરણનું પણ જીવનમાં મૂલ્ય હોવું જરૂરી છે.કોઈ વ્યક્તિ બહુ વિદ્વાન કે દક્ષ હોય, પરંતુ એની ભાષા, વિચારધારા કે આચરણ સારાં નહી હોય તો એની વિદ્વતાની કોઈ કિંમત નથી. જીવનમાં સદાચરણ જ સર્વોપરી ગુણ છે,જે વ્યક્તિ જ્ઞાની છે સાથે સાથે સદાચરણવાળી છે, તે સર્વ જગાએ માન-સન્માનને પાત્ર બને છે.જ્યારે કોઈ વ્યક્તિ વિદ્વાન હોય પરંતુ તેનામાં બેઈમાની હોય અને સારૂ આચરણ ના હોય તો એકના એક દિવસે જરૂરથી પોતાનું પતન નોતરે છે.

જીવનમાં મૂલ્યોનું મહત્વ જાળવી રાખવું એ આપણાં સૌની નૈતિક ફરજ છે. આપણે પોતે પોતાના સુખ માટે અન્યને દુઃખી કરવાનો પ્રયત્ન કરીશું તો ઈશ્વર એમાં રાજી રહેશે નહી અને તે મુસીબતોનો ફંદો આપણા પોતાના જ ગળામાં આવીને પડશે. માટે દરેક મનુષ્યે જીવનમાં પોતાનું મૂલ્ય નક્કી કરીને, સદાચરણ કરીને અન્યને સુખી કરવાનો અભિગમ રાખવો જોઈએ.

યોગેશભાઈ આર જોશી



૨૦૧૩થી પ્રાકૃતિક ખેતી શરૂ કરનાર ખેડૂત શ્રી કાશીરામભાઈ વાઘેલાએ રાસાયણિક ખેતી જેટલું જ ઉત્પાદન અને બમણો નફો મેળવ્યોપ્રાકૃતિક ખેતી અપનાવનાર કાશીરામભાઈ અન્ય ખેડૂતોને આપી રહ્યા છે પ્રેરણા અમદાવાદના સાણંદ તાલુકાના ખીચા ગામના ખેડૂત શ્રી કાશીરામભાઈ વાઘેલાની પ્રાકૃતિક ખેતીમાં અનેરી સિદ્ધિ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. 055**
વિષયઃ યહી હૈ જિંદગી
શીર્ષક : જિંદગી.
પ્રકાર : ગદ્ય

જિંદગી એટલે શું? જિંદગી એટલે એક અણધારી સફળતા અને ધારેલી નિષ્ફળતા. જિંદગી એટલે રણમાં ખીલેલું ગુલાબ. આ જીવન ક્યારેક હસાવે તો ક્યારેક રડાવે છે.

જિંદગીને જીવવાની જાણવા કરતા જીવવાની, માનવા કરતા માણવાની જે ક્ષણ તમે જીવી છે એ તમારી... બસ આ જ રહસ્ય છે જીવનનું.....

શ્રદ્ધા ભટ્ટ..વાપી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
વિષય :- 'યહી હૈં જિંદગી'
શીર્ષક :- જિંદગી-એક તલસાટ
પ્રકાર :- ગદ્ય - શબ્દ :- ૨૮૭

જીવનનું અંતિમ અને આખરી સત્ય મૃત્યુ છે. છતાં જન્મથી લઈને મૃત્યુ સુધીની સફર ખૂબ જ આશાવાદી રહે છે. જીવન એક અને એષણા અનેક. પળેપળ નવી નવી આશાઓ બંધાતી જાય, એ પરિકલ્પનાને પરિપૂર્ણ કરવા એના પરિપ્રેક્ષ્યમાં મનુષ્ય પોતાનું સમગ્ર અસ્તિત્વ હોમી દે; અને છતાં ઘણીવાર નિરાશા સાંપડે-યહી હૈં જિંદગી.

વર્ષોથી સેવેલી કલ્પેલી ઝંખના જ્યારે વાસ્તવમાં પરિણમતી અનુભવાય અને આનંદની જે પરિસીમાનો અહેસાસ થાય-યહી હૈં જિંદગી.

જીવનના અનેક ચઢાવ-ઊતારવાળા રસ્તા પર કોઈ મનગમતા સાથીનો સાથ મળી જાય, અને જે ધન્યતા અનુભવાય-યહી હૈં જિંદગી.

જિંદગીની ઘટમાળમાં ક્યારેક અણગમતું અને દુઃખદ બની જાય ત્યારે મન મૂકી આંસુ સારવા માટે કોઈનો શ્રદ્ધેય ખોળો કે ખભો મળી જાય-યહી હૈં જિંદગી.

જીવનસંગ્રામમાં શ્રીકૃષ્ણ ભગવાનની જેમ કોઈ સારથિ સરીખો સહૃદયી, સહિષ્ણુ મિત્ર અથવા સતત પડખે રહેનાર સખી મળી જાય-યહી હૈં જિંદગી.

જીવન સંસારમાં રહીને જીવનનો મર્મ શીખવા મળી જાય, અને સાચા દિલની પ્રભુભક્તિ થતી રહે-યહી હૈં જિંદગી.

કરૂણાકર પ્રભુએ ચીંધ્યા માર્ગ પર સમતાભાવથી ચાલી આ લોકમાં જ પરલોકનું ભાથું બાંધવાની દિશા સાંપડે-યહી હૈં જિંદગી.

જિંદગીમાં એક એવો વળાંક આવે અને એવી લાગણી થાય, કે મને ઈશ્વરે બધું જ આપ્યું; બસ, હવે એક આ 'ooooooo' છેલ્લી ઈચ્છા પૂરી કરી દે. એવો વલવલાટ અને તલસાટ થાય-યહી હૈં જિંદગી.

આમ, જન્મથી મરણ સુધીની જીવનસફર દરમિયાન શાશ્વત મૃત્યુ પહેલા કંઈ કેટલીયે વાર પોતાને મૃતઃપ્રાય લાચાર હોવાની વેદના સંવેદાય-યહી હૈં જિંદગી.

સાંજ રાત પડતા ઘણીવાર નિરાશાની ગર્તામાં ધકેલાતી જિંદગી લાગી હોય અને સવારનું આગમન ફરીથી આપણામાં નવીન આશાનો સંચાર કરી દે-યહી હૈં જિંદગી.
ટૂંકમાં, ઈશ્વર સર્જિત આ દુનિયામાં ભાગ્યે જ કોઈ એવો જીવ હશે જેને મૃત્યુ સમયે કોઈ સંતાપ કે તલસાટ ના રહ્યો હોય-યહી હૈં જિંદગી....!!!

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ '

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No - 0050**
વિષય - યહી હે જિંદગી.
શીર્ષક - જિંદગી
શબ્દ સંખ્યા - ૧૧૫
પ્રકાર - પદ્ય.
.......................................

થોડી મીઠી ,થોડી કડવી
થોડી તીખી ,થોડી મોળી ..!
આ ચટપટા સ્વાદ વાળી જિંદગી..!
છતાં પણ લજેદાર મજેદાર જિંદગી..!
અચૂક અણધાર્યા ખેલ ખેલાવે..!

તો પણ કોઈ ફરિયાદ નથી તને..!
ગૂંચવાયેલા તાંતણા ખોલવાની ફરજ પાડે ..!
મીઠી ચોકલેટ કોણીએ લગાડે ને ખવાય જ નહીં ...!
કંઈક ખોટું કરવામાં વણાયેલી જિંદગી...!

ને પાછી સત્યનાં પાઠ ભણાવે..!
કોરી કટ સાવ ઉદાસ જિંદગી..!
પ્રેમ રંગોમાં રંગાયેલી જિંદગી..!
ક્યાંક અંત પામવાની કુદરતનાં હાથે લખાયેલી જિંદગી..!

જો ને તો વચ્ચે પીસાતી જિંદગી..!
ખબર નહીં ક્યારે થંભી જશે જિંદગી...!

સુખ દુઃખનાં વમળોમાં ફસાતી જિંદગી...!
ને પાછી લેતી અજીબ વળાંકો..!

બે પડ છે આ દુનિયાનાં એનાં પડને ઉખેડી ભીતર જાવું મારે..!
દરેક સામે ગગુતેલીનો ભોજ ખેલતી જિંદગી...!

આશાની કિતાબ અધૂરીને વપરાઈ ગઈ જિંદગી...!
જિંદગીનો તો ભરોસો કેટલો ચલાવે એની મરજી પ્રમાણે..!

રાગિની શુક્લ" રાગ"
મુંબઈ

# વાદળોની પાર - સંત રાજીન્દર સિંહજી મહારાજ

આજકાલ દુનિયામાં બહુ જ પ્રગતિ થઈ ચુકી છે. આવવા જવા માટે ક્યારેક ક્યારેક આપણે હવાઈ જહાજમાં પણ બેસીને સફર કરીએ છીએ. જ્યારે હવાઈ જહાજ નીચેથી ઉપર ઉડે છે તો તેની ગાઢ વાદળો માંથી પસાર થવું પડે છે. જ્યારે વાદળોની વચ્ચે હવાઈ જહાજ હોય અને ત્યારે આપણે તેની બારીમાંથી બહાર જોઈએ તો આપણને કઈ દેખાશે નહીં. તે સમયે આપણને ત્યાં ફક્ત ભૂરું ધુમ્મસ જ દેખાય છે જ્યારે હવાઈ જહાજ વાદળોની પાર ઉપર જાય છે તો કેટલા ફૂટની ઊંચાઈ પર પહોંચી જાય છે તો ત્યાં એક સુંદર વાદળી આકાશ અને ચમકતો સૂર્ય આપણને દેખાય છે. તે સમયે જો આપણે નીચે દેખો તો આપણને રૂ થી ફેલાયેલા વાદળો હવામાં તરતા નજર આવે છે અને આ દ્રશ્ય બહુ જ અદભુત લાગે છે.



જો આપણે આ વાત પર વિચાર કરીએ કે જ્યારે આપણું હવાઈ જહાજ ગાઢ વાદળોને પાર કરી રહ્યું હતું તો તે સમયે આપણને ત્યાં બહુ જ ગાઢ ધુમ્મસ જેવા દેખાઈ રહ્યું હતું. તે સમયે આપણે એ વિચારી પણ નથી શકતા કે આ વાદળોના પાર કોઈ સુંદર મનમોહક આકાશ પણ છે જ્યાં સૂર્ય નો પ્રકાશ ચમકી રહ્યો છે પરંતુ જ્યારે આપણે ઊંચાઈ પર જઈએ છીએ તો આપણે પોતાની આંખોથી જોઈએ છે કે આ વાદળોની પાર શું છે. ત્યાં સુંદરતાની સાથે સાથે પ્રકાશ પણ હોય છે. વરસાદના દિવસોમાં જેવી રીતે ગાઢ વાદળ દેખીને આપણે સમજીએ છીએ કે સૂર્યનો પ્રકાશ છે જ નહીં પરંતુ જ્યારે હવાઈ જહાજમાં બેસીને આપણે ઊંચાઈ પર જઈએ છીએ તો આપણે જોઈએ છે કે ત્યાં ફક્ત પ્રકાશ જ પ્રકાશ હાજર છે. બધા મહાપુરુષો એ એનું વર્ણન પોતાની વાણીમાં કર્યું છે.
જે લોકોએ હજુ આધ્યાત્મિક રસ્તા ને અપનાવ્યો નથી તેમના માટે આ વાત પર વિશ્વાસ કરવું કે અંતરમાં અંધેરા ની પાર પણ પ્રકાશ છે માત્ર એક કલ્પના છે. બધા મહાપુરુષ આપણને સમજાવે છે કે આત્મજ્ઞાન નો અનુભવ પણ હવાઈ જહાજમાં ઉડવાના સમાન જ છે. જ્યારે આપણે ધ્યાન અભ્યાસ પર બેસતા સમયે આંખો બંધ કરીએ છીએ તો આપણને અંધારું જ અંધારું દેખાય છે પરંતુ સમયની સાથે સાથે પોતાના અંતરમાં અંધારાની પાર પ્રકાશનો અનુભવ કરીએ છીએ અને તે ઉપરાંત ત્યાં આપણને અદભુત નજારો પણ દેખવા મળે છે. જેવી રીતે હવાઈ જહાજ નો પાયલોટ આપણને વાદળોની પાર લઈ જાય છે જ્યાં આપણે સૂર્ય પ્રકાશિત પ્રકાશ જોઈ છીએ ઠીક તેવી રીતે જ આપણને અંતરમાં સૂર્યને જોવા માટે કોઈ અનુભવી ગુરુની જરૂર છે. જે આપણને ધ્યાન અભ્યાસની કળા શીખવે. ત્યારે આપણે વાદળોની પાર એટલે કે પોતાના અંતરના અંધારાને ચિંતા જઈને પ્રકાશથી ભરેલા આધ્યાત્મિક મંડળોનો અનુભવ કરી શકીએ છીએ. આ આધ્યાત્મિક મંડળ ખૂબસૂરત અને પ્રભુના પ્રેમથી ભરપૂર છે.

# સચિવાલયના ૧૦૦થી વધુ અધિકારીઓ-કર્મચારીઓએ અર્બન હોર્ટીકલ્ચર અને કિચન ગાર્ડનની તાલીમ મેળવી

ગુજરાતમાં અર્બન હોર્ટીકલ્ચર અને કિચન ગાર્ડનને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જ કૃષિ મંત્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ સચિવાલયના અધિકારી-કર્મચારીઓ માટે બાગાયત નિયામકની કચેરી દ્વારા બે દિવસીય અર્બન હોર્ટીકલ્ચર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં આશરે ૧૦૦થી વધુ અધિકારી-કર્મચારીઓએ અર્બન હોર્ટીકલ્ચર, પ્લગ નર્સરીજહોમ અને કિચન ગાર્ડનની તાલીમ મેળવી હતી.આ બે દિવસીય તાલીમ દરમિયાન તાલીમાર્થીઓને અર્બન હોર્ટીકલ્ચરના મહત્વ અને અગત્યતા, નવા સચિવાલય ઈકો ક્લબ, આદર્શ કિચન ગાર્ડન




આયોજન અને વ્યવસ્થાપન, હાઈડ્રોપોનીક્સ પરિચય અને વ્યવસ્થાપન, માઈક્રોગ્રીન્સ નિદર્શન અને મહત્વ તેમજ ટેરરીયમના વિવિધ આયામો અંગે વિષય નિષ્ણાતો દ્વારા સવિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.બાગાયત નિયામકે પણ આ તાલીમમાં ઉપસ્થિત રહી, તાલીમાર્થીઓને અર્બન હોર્ટીકલ્ચર સહિતના વિષયો પર અમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું.કિચન ગાર્ડન અને અર્બન હોર્ટીકલ્ચરમાં પ્રાકૃતિક કૃષિનો સમન્વય કરવા માટે પ્રાકૃતિક પદ્ધતિઓ, જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત અને મલ્ચીંગ જેવા પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો અને પદ્ધતિઓ અંગે વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી. આ સાથે જ તાલીમાર્થીઓને કેપિટલ નર્સરી, સેક્ટર-૮ ખાતે કિચન ગાર્ડનની પ્રેક્ટીકલ તાલીમ પણ આપવામાં આવી હતી.

આ ઉપરાંત તાલીમાર્થીઓને વિવિધ સાધનોના ઉપયોગ, કમ્પોસ્ટ બનાવવાની રીત, કુંડા ભરવા અને મીડિયા તૈયાર કરવા, ઋતુવાર પાક પસંદગી અને તેની વાવેતર પદ્ધતિ તેમજ રોગ અને જીવાત નિયંત્રણ અંગે પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવી હતી. બે દિવસીય તાલીમના અંતે તાલીમાર્થીઓને બાગાયત નિયામકની કચેરી દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા.

# કેન્દ્રમાં NDAની 3 વાર સરકાર બનતા કલોલમાં ભાજપ મધ્યસ્થ કાર્યાલય ખાતે ઉજવણી કરવામાં આવી

૨૦૨૪ લોકસભાની સામાન્ય ચૂંટણીમાં દ્ધછને બહુમત સાથે જીત મળતાં આજે કેન્દ્રમાં ૩ વાર નરેન્દ્ર મોદીના નેતૃત્વના દ્ધછની સરકાર રચાતા આજે પીએમ પદના શપથવિધિ સમારોહ દિલ્લી ખાતે યોજાયો હતો. ત્રીજીવાર પીએમ પદના શપથ નરેન્દ્ર મોદીએ લીધાં હતાં.



આજે કલોલ ભાજપના મધ્યસ્થ કાર્યાલય ખાતે કેન્દ્રમાં ભાજપ નેતૃત્વવાળી સરકાર બનતા કલોલમાં ઉજવણી કરવામાં.આવી હતી. આ પ્રસંગે ભાજપના ધારાસભ્ય લક્ષ્મણજી પી ઠાકોર તેમજ ભાજપા શહેર અને તાલુકા અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત ભાજપના કાર્યકર્તાઓ અને નેતાઓ જગન્નાથ નારા લગાવ્યા હતા અને ભાજપા ગઠબંધન સરકાર બનતા વિજયની ઉજવણી કરવામાં આવી હતી. સતત ૩ વાર વડાપ્રધાન તરીકે શપથ લેતાં પીએમ નરેન્દ્ર મોદી સરકારને શુભકામનાઓ પાઠવી હતી.

# પાટણ પાલિકા દ્વારા ૨૧ વિસ્તારોની સ્ટ્રોંમ વોટર લાઈનોની સફાઈ કરાઈ



પાટણ નગરપાલિકા દ્વારા આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને શહેરના જુદા જુદા ૨૧ જેટલા વિસ્તારોમાં સર્જાતિ વરસાદી પાણી ભરાવાની સમસ્યાને દૂર કરવા સ્ટ્રોમ વોટરની જૂની લાઈનોની સફાઈ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ સફાઈ કરવામાં આવેલ સ્ટ્રોંમ વોટરની લાઈનો સુવ્યવસ્થિત રીતે સાફ થઈ છે કે નહી તે ચેક કરવા ટૂંક સમયમાં પાણીનું પ્રેશર મારી તપાસ કરવામાં આવનાર હોવાનું પાલિકા પ્રમુખ હિરલબેન પરમારે જણાવ્યું હતું.પાટણ નગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા ૨૧ જેટલા વિસ્તારોની સ્ટ્રોંમ વોટર લાઈનોની પ્રી-મોનસૂનની કામગીરી અંતર્ગત ઉપરોક્ત ૨૧ સ્ટ્રોંમ વોટર લાઈનોની સફાઈ કરવામાં આવી છે, જેમાં ધનાવાડા છાપરાથી બી.ડી.હાઈસ્કુલતરફ, શુભમ કૈનાલથી આંબેડકર ચોકથી અંબિકા સોસાયટી તરફ,ત્રિશેરીયું સાલવીવાડાથી નાગરલીમડી થઈ ખોખરવાડા અઘારા દરવાજા, રળીયાતનગરથી આદર્શ હાઈસ્કુલ કોટ તરફની લાઈન, સિધ્ધરાજ નગરથી વી.કે.ભુલા પાછળ (ડાયમંડ માર્કેટ) લાઈન, પ્રથમ રેલવે ગળનાળાથી બી.એમ.હાઈસ્કુલ તરફ થઈ આનંદ સરોવર સુધીની લાઈન, વી.કે.ભુલાથી ખાડીયા સુધીની લાઈન, દેવકુટીર થી કાળકા રોડ ઉપરની લાઈન, ડીસા રોડ ઉપર ગજાનંદ સોસાયટીની લાઈન, અંબાજી નેળીયામાં આવેલ પંચમુખી કોમ્પ્લેક્ષથી સારથી નગર ચોકસુધીની લાઈન, દેવધામથી નવિન કાળકા મંદિર સુધીની લાઈન, હાંસાપુર ગામના ચોકથી ઉંઝા પાટણ હાઈવે સુધીની લાઈન, પીતાંબર રેલવે નાળાથી પીતાંબર તળાવ તરફની લાઈન, ખાડીયા શોપીંગ સેન્ટરથી શ્રધ્ધા ફલેટ આગળ બળીયા હનુમાન સુધીની લાઈન કરવામાં આવી છે.



# માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ દ્વારા અમૂલ્ય ઔષધો થી તૈયાર સુવર્ણ પ્રાશન ઔષધ નુ સરકારી આંગણવાડી ના બાળકો માટે કેમ્પ યોજાયો



માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ દ્વારા આયુર્વેદિક જીવનશૈલી દ્વારા દર મહિને પુષ્યનક્ષત્ર પર વૈદિક પદ્ધતિથી અને અમૂલ્ય ઔષધોથી તૈયાર થયેલ આ સુવર્ણપ્રાશન ઔષધ બાળકોનો બૌધિક, શારીરિક અને માનસિક વિકાસ માં ખૂબ જ ઉપયોગી ઔષધ શાસ્ત્રોક્ત પદ્ધતિ થી અને મૂલ્યવાન ઔષધ અને ભસ્મ થી તૈયાર કરે સુવર્ણ પ્રશન સરકારી આંગણવાડી ના બાળકો તથા અગલ અલગ સોસાયટી ના બાળકો માટે સુવર્ણ પ્રશન ટીપાં કેમ્પ નું આયોજન કરવામા આવ્યું હતુ

આ કેમ્પમાં ૮૫૦ બાળકોએ વિનામૂલ્યે ટીપા વિનામૂલ્યે પીવડાવવામાં આવ્યા. કેમ્પના મુખ્ય આયોજક બંટીભાઈ ભુવા, કિશોરભાઈ ધડુક વિમલભાઈ મોવલીયા, કાર્તિકભાઈ સાવલીયા, નિરંજન ગીરી,ચંદ્રેશભાઈ સોલંકી, વર્ષાબેન મોઢવાણિયા, રમાબેન કંડોલિયા, રીધ્ધીબેન ડાભી અંકિતાબેન પટેલ મિતલબેન ત્રિવેદી, વગેરે સભ્યો આ સેવા કાર્યમાં સહયોગથી બન્યા હતા



શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા દાતાઓ ના સહયોગ થી નિઃશુલ્ક ચોપડા વિતરણ કરવામાં આવ્યું.

# ભારતીય મજદુર સંઘ સંલગ્ન બોટાદ જિલ્લા મજદુર સંઘની જિલ્લા કારોબારીની બેઠક યોજાઈ



ભાવેશ પરમાર (બોટાદ)

ભારતીય મજદુર સંઘ સંલગ્ન બોટાદ જિલ્લા મઝદુર સંઘની જિલ્લા કારોબારી કમીટીની બેઠક બોટાદ જિલ્લા અધ્ય?ક્ષ શ્રી રાજુભાઇ ડેરૈયાના અધ્યક્ષ સ્થાને તા.૦૮ જુન ૨૦૨૪ શનિવાર ના રોજ ભારતીય મજદુર સંઘ ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી રાજેન્દ્ર્સિંહ ચુડાસમા તેમજ પ્રદેશમંત્રી શ્રી સમીરભાઇ એચ. જોશીની ઊપસ્થિતીમાં યોજાયેલ. આ બેઠકમાં બોટાદ જિલ્લા કારોબારીના સદસ્યો તેમજ તાલુકા કમીટીના સદસ્યો હાજર રહેલ. તેમજ ભારતીય મજદુર સંઘની સ્થાપના ૨૩ જુલાઇ ૧૯૫૫ ના રોજ માન.દતોપંત ઠેંગડીજી ધ્વારા કરવામાં આવેલ. જે મુજબ બી એમ એસ ની સ્થા પના ને ૬૯ વર્ષ પુર્ણ થઇ આગામી સમયમાં ૭૦ માં વર્ષ પ્રવેશ થનાર હોઇ જેને અનુલક્ષીને બીએમએસ ની નીતીરીતી તથા કાર્યપ્રણાલી અને સામાજીક હિત સંબંધીત કામગીરીઓની જાણકારી બોટાદ જીલ્લાના તમામ તાલુકાના ગામ સુધી પ્રસરાવવા એકજુથ થઇ કામગીરી કરવા નિર્ણય કરવામાં આવેલ.આ કામગીરી માટે ભારતીય મજદુર સંઘ સાથે જોડાયેલ તમામ યુનીટ જેમ કે, મધ્યાહન ભોજન યોજના કર્મચારી સંઘ, ગુજરાત એસ.ટી પરીવહન કર્મચારી સંઘ, ગુ.પા.પુ.બોર્ડ, આશા-આંગણવાડી કર્મચારી સંઘ, નગરપાલિકા તથા જીલ્લામાં આવતા અન્ય અસંગઠીત યુનીટોના કર્મચારીઓને તન મન ધનથી સહયોગ આપવા જીલ્લા અધ્યક્ષ દ્વારા અનુરોધ કરવામાં આવેલ.બેઠકનું સંચાલન જીલ્લા મંત્રી કુલદીપભાઇ ધાધલ ધ્વારા તેમજ સલગ્ન વ્યવસ્થા શ્રી રાજભાઇ પરમાર તથા હિતેશભાઇ સીગલ ધ્વારા કરવામાં આવેલ.અહેવાલ કનુભાઈ ખાચર



તા.૦૯/૦૬/૨૦૨૪ રવિવારના રોજ લાયન્સક્લબઓફઅમદાવાદજોધપુર હિલના પી.આર.ઓ.ગીરીશ પટેલ અને ગાયત્રી પરિવારના દક્ષાબેનની સુપુત્રી ચિ.ઈશવાનીના ?? ૨૫મા જન્મદિવસની ઉજવણી સાંજે ૦૫. ૦૦ થી ૬.૩૦ કલાકે દિપયજ્ઞના માધ્યમથી ગાયત્રી મંત્રો,મહામૃત્યુંજ્ય મંત્રોના ઉચ્ચારો વચ્ચે ગાયત્રી પરિવાર નારણપુરા દ્વારા ,ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વાત્સલ્ય વૃધ્ધાશ્રમ, વાડજ સર્કલ,અમદાવાદ ખાતે વડીલોના આશીર્વાદ તથા ભોજન સાથે ઉજવવામાં આવ્યો હતો.

# દુધાળા પશુઓનાં આહાર વિષયક સૂચિ

- શરીરના નિભાવ માટે ગાયને એક કિલો તથા ભેંસ ગાયને બે કિલો સમતોલ દાણ આપવું જોઈએ.
- પાંચ માસની ગાભણ અવસ્થા પછી દૈનિક એક થી દોઢ કિલો વધારાનું દાણ આપવું જોઈએ.
- પશુને ખોરાકમાં નિયમિત ત્રીસ ગ્રામ જેટલું ક્ષાર મિશ્રણ અને ૨૫ ગ્રામ મીઠું આપવું જોઈએ.
- દુધાળા પશુને સામાન્ય રીતે દૈનિક ૨૦ કિલો લીલોચારો તથા આઠ થી દશ કિલો સૂકોચારો આપવો જોઈએ.
- કઠોળ વર્ગમાં રજકા જેવો ઘાસચારો, પૂરતા પ્રમાણમાં આપવાથી, દુધ ઉત્પાદન ઘટાડ્યા સિવાય, ખાણદાણનો ખર્ચ ઘટાડી શકાય છે.
- ધાન્ય વર્ગના ચારા જેવા કે મકાઈ, જુવાર, ઓટ, બાજરી, સેઢા-પાળાના ઘાસ છે. જ્યારે કઠોળ વર્ગના ચારા જેવા કે રજકો, ગુવાર, ચોળા, બરસીમ અને દશરથ ઘાસ છે.



- ફક્ત લીલાચારામાં જ વિટામીન ‘‘એ’ તથા અન્ય વિટામીન્સ હોઈ પ્રજનન પ્રક્રિયા નિયમિત બને છે અને નિયમિત વિયાણ થાય છે.
- પશુઓમાં વરોળપણું અને રતાંધળાપણું અટકાવી શકાય છે.
- ક્ષાર અને પોષક તત્વ પ્રમાણસર હોવાથી તંદુરસ્તી અને ઉત્પાદન જાળવી શકાય છે.
- પશુને હંમેશા જિલ્લા સંઘ દ્વારા બનાવાતું સમતોલ દાણ આપો. આ દાણ પશુને જરૂરી બધા પોષક તત્વો ધરાવતું હોય છે તથા સસ્તું હોય છે.

-મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)

# જૂનાગઢના વાંચન પ્રેમીઓ માટે પુસ્તક પરબ ખુલ્લુ મૂકાયું

ભાવેશ પરમાર

જૂનાગઢના પુસ્તકપ્રેમી લોકોને વાંચતા કરવાના હેતુથી કાર્યરત વાંચન વલોણું સંસ્થા દ્વારા તેમના સંકલ્પ મુજબ ૯ જૂન, રવિવારે પુસ્તક પરબ ખુલ્લું મૂકી એક નવી શરૂઆત કરી હતી. આજે પ્રથમ દિવસે જ શહેરના સિનિયર સિટીઝન સહિતના વાચકોએ પરબની મુલાકાત લઈ આ પ્રયાસની સરાહના કરી હતી.

શહેરના કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે ‘ચાલો ચાલીએ ચાલો વાંચીએ‘ સૂત્ર સાથે શરૂ કરવામાં આવેલ પુસ્તક પરબની મૉર્નિંગ વોક કરતા નગરજનોએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ઉપસ્થિત કેળવણીકાર કે.ડી.પંડ્યાએ અપીલ કરતાં જણાવ્યું કે વાંચનને તમારું ધ્યેય બનાવશો તો



તંદુરસ્તી પણ જળવાઈ રહેશે. આ તકે પુસ્તકપ્રેમી જીતુભાઈ ભીડીએ જણાવ્યું કે આ પ્રવૃત્તિ જૂનાગઢના નાગરીકો માટે પ્રેરણારૂપ બની રહેશે. એક નવા જ અભિગમ માટે આ ટીમ અભિનંદનને પાત્ર છે. પુસ્તક પરબની શરૂઆત થતાં જ લોકોએ પરબની મુલાકાત લઈ પુસ્તકો વિશે પૂછપરછ કરી હતી અને વાંચન વલોણું સંસ્થાના સભ્યોને બિરદાવ્યા હતા. પુસ્તક પરબના પ્રારંભે મહિલા અગ્રણી આરતીબેન જોશી, રાણપરિયા સાહેબ, ઋત્વિકભાઈ વાળા સહિત નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં. પુસ્તક માટેના પરબની આ નવી શરૂઆત મોતીબાગ ખાતે સિનિયર સિટીઝન, યુવાનો માટે આકર્ષણરૂપ બની હતી તેમ વાંચન વલોણું સંસ્થાના સંયોજક એલ.વી.જોશીએ જણાવ્યું હતું.

# ખાત્રજ ચોકડી નજીક બાઈક અકસ્માતમાં એસટી ડ્રાઈવરનું મોત

નડિયાદ : મહેમદાવાદ ખાત્રજ ચોકડી નજીક રોંગ સાઈડથી આવેલ બાઈક સામેથી આવતી મોટરસાયકલ સાથે અથડાતા ગંભીર રીતે ઈજા પામેલ બાઈક ચાલકનું મોત નિપજ્યુ હતું. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.મહેમદાવાદ તાલુકાના માંકવા બંગલજીની મુવાડીમાં રહેતા પ્રવીણભાઈ રાવજીભાઈ ચૌહાણ ખેડા એસટી ડેપોમાં કંડકટર તરીકે નોકરી કરે છે, જ્યારે તેમનો નાનો ભાઈ મહેશ ખેડા ડેપોમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. મહેશભાઈ આજે રવિવારે બપોરે ૧૨ વાગ્યાના સુમારે ખાતરજ ગામના રોડ ઉપરથી હાઈવે ઉપર બાઈક લઈને ચડતા હતા ત્યારે શંકર લોજ નજીક રોંગ સાઈડ પર સામેથી આવેલ મોટર સાયકલ ધડાકાભેર બાઇક સાથે અથડાયું હતું.જેથી મહેશભાઈ ચૌહાણને બાઈક પરથી રોડ ઉપર પડી જતા માથામાં તેમજ શરીર પર ગંભીર ઈજા થઈ હતી. આ અક્સ્માતની જાણ થતા આજુબાજુના લોકોએ દોડી આવી ઈજાગ્રસ્તને તુરંત જ સારવાર માટે ખાત્રજ ચોકડી પર આવેલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના મેડિકલ ઓફિસરે મહેશભાઈ રાવજીભાઈ ચૌહાણ(ઉંમર આશરે ૪૬ વર્ષ)ને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે પ્રવીણભાઈ રાવજીભાઈ ચૌહાણની ફરિયાદ આધારે મહેમદાવાદ પોલીસે અકસ્માત સર્જનાર બાઈક ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# ગઝલ આસ્વાદ

અમસ્તાય નજદીક આવો તો જાણું
પછી કેશને સુલજાવો તો જાણું

નથી યાદ, કોણે ને કોને કહ્યું શું ?
બધું ભૂલી અમને ભૂલાવો તો જાણું

મને ક્યાં હજી એની આવી છે ફાવટ ?
કદી ખોટું ખોટું હસાવો તો જાણું

નથી ખાસ, તો હું નકામી ય ક્યાં છું
મને મારી ઓળખ અપાવો તો જાણું

નથી જાણકારી કશી, એ ગુનો છે?
તમે જાણકારો જણાવો તો જાણું !

કબર ’ભગ્ન’ની સાવ સૂની પડી છે
તમે આવી દીપક જલાવો તો જાણું

- જયશ્રી વિનુ મરચંટ, "ભગ્ન"

કેલિફોર્નિયાના બે એરિયામાં સ્થિત થયેલા કવયિત્રી શ્રીમતી જયશ્રી વિનુ મરચંટ "ભગ્ન ’ ના બે પુસ્તકો પ્રકાશિત થયા છે. ’લીલોછમ ટહુકો ’ ’અને ’વાત તારી ને મારી ’ કવયિત્રી જયશ્રીબેન એક સંવેદનશીલ કવિ છે. એમની ગઝલમાંથી ઘણીવાર પસાર થઈ છું. ’વાત તારી ને મારી’ જે ગઝલ સંગ્રહ છે એનું વિવેચન પણ કરેલું છે. એમની આ તાજા ગઝલ વાંચતાં જ ગમી ગઈ. પ્રિયતમને એ નજદીક આવવા માટે આહવન આપે છે. એ આહવનમાં પણ ચેલેન્જ દેખાય આવે છે. અમસ્તાય નજદીક આવો તો જાણું. અને મારા કેશને સુલજાવો તો જાણું! ’ તો જાણું " રદીફમાં એક નટખટ કોલેજની યુવતી દેખાય છે. પણ બીજા શેરમાં એમનું ઠરેલપણુ ઉપસી આવે છે. બંને પ્રેમીઓમાં ખટરાગ તો થવાનો અને ફરી મનામણા પણ થવાના. બીજા શેરમાં કોણે શું કહ્યું એ કશું યાદ નથી. અને યાદ પણ રાખવા માગતી નથી. એ બીજા મિસરામાં કહી બતાવે છે કે એ બધું ભૂલી ને અમને પણ ભૂલાવો તો માનું! કવયિત્રીને ખોટું ખોટું હસવાની ફાવટ નથી એટલેકે દેખાડો કરતા નથી ફાવતું. અને તો પણ પ્રિયતમ પાસે આશા રાખે છે કે બસ ખોટું ખોટું પણ હસાવો. ક્યારેક જીવનમાં પ્રિય વ્યક્તિ છૂટી જાય તો સમાજ ની સામે ખોટું ખોટું હસીને પણ દુઃખને ભૂલાવવા પડે છે. પછીનો શેર મને ખૂબ ગમી ગયો. દુનિયાવાળા ઘણીવાર તમારી કદર કરતા નથી અને વાત વાતે તમને ઉતારી પાડે નીચું જોવડાવે એને ચેલન્જ કરી ને કવયિત્રી કહે છે હું ખાસ નથી તો નકામી પણ નથી. અને તમે જ મારી ઓળખ આપો તો જાણું. કોઈના કહેવાથી તમે ખાસ કે નકામા નથી બનતા આ દુનિયામાં તમારી ઓળખ તમે જ છો! કોઈ પણ મા ના પેટમાંથી શીખીને નથી આવતા દરેક પોતાની રીતે મહેનત કરી પ્રગતિ કરે છે. બધાને બધી વસ્તુનું જ્ઞાન નથી હોતું. ડોક્ટર પાસે મેડિકલ નું એન્જિનિયર પાસે એન્જિનિયરિંગ જ્ઞાન હોય. એમ કોઈ વાત ની જાણકારી ના હોય તે કાંઈ ગુનો છે? અને તમે જો એ વાતના જાણકાર હો તો જણાવો. અંતમાં પ્રિયતમને કબર ઉપર આવવા આમંત્રણ આપે છે કે કબર મારી સૂની પડી છે તમે આવી દીપક જલાવો તો જાણું. મકતાનો શેર ધારદાર એટલા માટે છે કે કવયિત્રીની ઈચ્છા છે કે પ્રિયતમ પહેલા એનું મોત આવે, પણ કમનસીબે વિનુભાઈ પહેલા જતા રહ્યા છે એટલે જયશ્રીબેનને દીપક જલાવો પડે છે. ખૂબ સંવેદનશીલ ગઝલ અને બોલચાલની ભાષામાં હોવાથી સરળ પણ છે.અભિનંદન જયશ્રીબેન!!

સપના વિજાપુરા

# એસ.કે.બેગ્સ પેઢી પાસેથી ટેક્સ અને પેનલ્ટી પેટે રૂ. ૧.૨૫ કરોડ એસજીએસટીએ વસુલ્યા

ભાવનગર : ભાવનગરમાં સ્ટેટ જીએસટીની ટીમો દ્વારા છેલ્લા બે દિવસથી શહેરમાં આવેલી એસ.કે બેગ્સની જુદી-જુદી બ્રાંચોમાં સર્ચ હાથ ધર્યું હતું. જીએસટી વિભાગની ઘટક અને ઓડિટ વિભાગના અધિકારીઓએ તપાસ હાથ ધરી હતી. અધિકારીઓએ હિસાબી ચોપડા અને સ્ટોકના પત્રકો તપાસ્યા હતાં. સ્ટોક તફાવત મળી આવતા સ્ટેટ જીએસટી વિભાગે ટેક્સ અને પેનલ્ટી પેટે રૂ. ૧.૨૫ કરોડ વસુલ કર્યા હતાં. ભાવનગર શહેરની એસ.કે.બેગ્સ નામની પેઢીની ખારગેટ, ઘોઘાગેટ સહિત કુલ પાંચ બ્રાંચોમાં ગત શનિવારે સ્ટેટ જીએસટી વિભાગી જુદી-જુદી ટીમો દ્વારા સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. શનિવારે સવારથી જ




ભાવનગર શહેરમાં આવેલી એસ.કે બેગ્સની જુદી-જુદી બ્રાંચમાં તપાસ શરૂ થઈ હતી જે મોડી રાત સુધી ચાલી હતી. જીએસટી વિભાગની ઘટક અને ઓડિટ વિભાગના અધિકારીઓ દ્વારા આ સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. અધિકારીઓ દ્વારા બ્રાંચના હિસાબી ચોપડાઓ, સ્ટોકના રજીસ્ટર તપાસ્યા હતાં. આ તપાસના અંતે સ્ટોક તફાવત મળી આવ્યો હતો અને કરચોરી પકડાઈ હોવાની ચર્ચા સાંભળવા મળી હતી. સ્ટેટ જીએસટી વિભાગે એસ.કે.બેગ્સ પેઢીના માલિક પાસેથી ટેક્સ અને પેનલ્ટી પેટે રૂ. ૧,૨૫,૧૧,૫૧૫ વસુલ્યા હતાં. સ્ટેટ જીએસટી વિભાગની આ કાર્યવાહીથી કરચોરી કરનારા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હોવાનુ ચર્ચાય રહ્યુ છે. આગામી દિવસોમાં અન્ય વેપારીઓને ત્યાં પણ સર્ચ થવાના એંધાણ છે. ઉલ્લેખનીય છે કે, ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લામાં સીધા ગ્રાહકને વેચાણ કરતા હોય એવા વેપારીઓનો સર્વે હાથ ધરવામાં આવેલ છે, જેમાંથી પસંદગીના આઉટલેટ પર શનિવારે તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં સ્ટોક તફાવત મળી આવ્યો હતો. આ પ્રકારની કરચોરીની મોડેસોપ્રેન્ડી વેપારીઓ દ્વારા નાના-મોટાપાયા પર હાથ ધરવામાં આવતી હોય છે તેથી ગ્રાહકો કોઈ પણ વસ્તુ ખરીદે ત્યારે બીલ રાખવાનો આગ્રહ રાખે તે જરૂરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.